ગુજરાત સમાચાર, પાના નંબર. ૬૪.
તારીખ:- ૦૮/૦૧/૨૦૨૬.

**વર્ષ ૨૦૨૫માં ૪.૮૩ કરોડથી વધુ મુસાફરો**

# મેટ્રોની આવક એક વર્ષમાં રેકોર્ડ રૂ.૫૮ કરોડ, ૩૫ ટકાનો વધારો

### મેટ્રોને એક વર્ષમાં થયેલી આવક

| મહિનો | મુસાફર | આવક |
|---|---|---|
| જાન્યુઆરી | ૪૦.૨૧ લાખ | ૪.૮૩ કરોડ |
| ફેબ્રુઆરી | ૩૪.૪૮ લાખ | ૪.૦૨ કરોડ |
| માર્ચ | ૩૬.૩૦ લાખ | ૪.૩૭ કરોડ |
| એપ્રિલ | ૩૭.૧૨ લાખ | ૪.૪૦ કરોડ |
| મે | ૩૮.૩૭ લાખ | ૪.૭૦ કરોડ |
| જૂન | ૩૯.૨૩ લાખ | ૪.૭૯ કરોડ |
| જુલાઈ | ૪૪.૦૪ લાખ | ૫.૨૨ કરોડ |
| ઓગસ્ટ | ૪૩.૮૦ લાખ | ૫.૨૯ કરોડ |
| સપ્ટેમ્બર | ૪૪.૮૪ લાખ | ૫.૩૮ કરોડ |
| ઓક્ટોબર | ૩૮.૨૦ લાખ | ૪.૬૩ કરોડ |
| નવેમ્બર | ૪૧.૪૨ લાખ | ૪.૯૮ કરોડ |
| ડિસેમ્બર | ૪૫.૯૬ લાખ | ૫.૫૭ કરોડ |
| કુલ | ૪.૮૩ કરોડ | ૫૮.૧૮ કરોડ |

અમદાવાદ, બુધવાર

અમદાવાદમાં મેટ્રો રેલની આવક વર્ષ ૨૦૨૫માં રેકોર્ડ રૂપિયા ૫૮ કરોડને પાર થઈ ગઈ છે. વર્ષ ૨૦૨૪ની સરખામણીએ વર્ષ ૨૦૨૫માં મેટ્રોની આવકમાં ૩૫ ટકા જેટલો વધારો થઈ ગયો છે. મુસાફરોની સંખ્યા પણ પ્રથમવાર ૪.૮૩ કરોડ નોંધાઈ છે. આમ, પ્રતિ મુસાફર પાસેથી મેટ્રો રૂપિયા ૧૨ની ટિકિટ પેટે આવક મેળવે છે. આ અંગે પ્રાપ્ત માહિતી અનુસાર અમદાવાદ મેટ્રોને વર્ષ ૨૦૨૩માં ૩૨.૧૨ કરોડ, ૨૦૨૪માં ૪૩.૬૨ કરોડની આવક થઈ હતી. આમ, મેટ્રોમાં મુસાફરો અને થતી આવકમાં તબક્કાવાર વધારો જોવા મળ્યો છે. જેમાં

(અનુસંધાન ૪થે પાને)

### છેલ્લા ૩ વર્ષમાં મેટ્રોનું સરવૈયું

| વર્ષ | મુસાફર | આવક |
|---|---|---|
| ૨૦૨૩ | ૨.૫૩ કરોડ | ૩૨.૧૨ કરોડ |
| ૨૦૨૪ | ૩.૬૯ કરોડ | ૪૩.૬૨ કરોડ |
| ૨૦૨૫ | ૪.૮૩ કરોડ | ૫૮.૧૮ કરોડ |



## મેટ્રો હવે એરપોર્ટ સુધી દોડશે : ઉત્તરાયણ સુધીમાં નવા ફેઝની જાહેરાત

મહાત્મા મંદિર સુધી મેટ્રો ટ્રેનના રૂટનું આગામી ૧૨ જાન્યુઆરીના લોકાર્પણ કરવામાં આવશે. જેની સાથે જ કોમનવેલ્થ ગેમ્સની તૈયારીના ભાગરૂપે નવા ફેઝની પણ જાહેરાત કરાશે. જેમાં ફેઝ ૨એમાં કોટેશ્વર રોડથી એરપોર્ટ, ફેઝ ૨બીમાં ગિફ્ટ સિટીમાં ઈન્ટરનલ કનેક્ટિવિટીનો સમાવેશ થાય છે. વર્ષ ૨૦૨૮ સુધીમાં એરપોર્ટ રૂટ પર મેટ્રો ટ્રેન દોડતી થઈ જાય તેવી સંભાવના છે.

**ફેઝ ૨એ :** કોટેશ્વર રોડથી એરપોર્ટ : ૬ કિલોમીટરના રૂટ પાછળ ૧૮૦૦ કરોડ ખર્ચાશે. કોટેશ્વર રોડથી તાજ સર્કલ વાયા હાંસોલ થઈને જશે. જેમાં તાજ સર્કલથી એરપોર્ટનો રૂટ અંડરગ્રાઉન્ડ રહેશે.

**ફેઝ ૨બી :** ગિફ્ટ સિટીની ઈન્ટરનલ કનેક્ટિવિટી. આ રૂટમાં ૩ સ્ટેશન હશે. ગિફ્ટ સિટીમાં કાર્યરત્ ઓફિસ અને રહેણાંક લોકોને તેનાથી લાભ થશે.

## મેટ્રોને છેલ્લા ૩ વર્ષમાં રૂપિયા ૧૩૪ કરોડની આવક થઈ : દૈનિક સરેરાશ ૧.૩૨ લાખથી વધુ મુસાફરો